# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ક્ષેત્ર દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરીષદ અંતર્ગત પ્રથમ હરોળ નિદર્શનમાં આપેલ ભીંડાની નવી જાત ગુજરાત આણંદ ભીંડા ૫ (જી.એ.ઓ. ૫) ના નિદર્શન અંતર્ગત તા. ૧૩.૦૮.૨૦૧૮ ના રોજ ગાડા ગામ ખાતે ખેડુતના ખેતરે નિદર્શન પ્લોટમાં ક્ષેત્ર દિન  યોજવામાં આવેલ જેમાં કુલ ૩૬ ખેડુત ભાઇઓ તથા બહેનો હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં કે.વિ.કે. ના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતિ અમિતાબેન બી. પરમાર દ્વારા આજુબાજુના શાકભાજીની ખેતી કરતા ખેડૂત ભાઇઓ તથા ખેડુત મહિલાઓને મુખ્ય શાકભાજી સંશોધન કેંન્દ્ર, આ.કૃ.યુ., આણંદ ખાતેથી સંશોધીત થયેલ વિવિધ શાકભાજીની જાતોની ખાસીયતો પરત્વે માહિતગાર કર્યા. ત્યારબાદ તેઓએ ભીંડાની નવી જાત ગુજરાત આણંદ ભીંડા ૫ (જી.એ.ઓ. ૫) નું તાદ્રશ્ય નિદર્શન દ્વારા તફાવત બતાવેલ અને ઉત્પાદન વધારવા માટેના ખાસ મુદ્દા પરત્વે સલાહ પુરી પાડેલ. ખેડુતોએ આ નિદર્શન પરત્વે જી.એ.ઓ. ૫ જાતને અન્ય જાતોની સરખામણીમાં પંચરંગીયા પીળીયા સામે પ્રતિકારક અને વધુ ઉત્પાદન આપતી જાત તરીકેનો અભીપ્રાય આપેલ. ડો. એસ. બી. કાટોલે વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીનું બીયારણ વાપરવાની ભલામણ કરી તેમજ તેઓએ જણાવ્યુ કે આણંદ કૃષિ યુનિવર્સિટીનું બીયારણ વાપરવાથી ઓછા ખર્ચે વધારે આવક મેળવી શકાય છે. તેઓએ જણાવ્યું કે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત નવીન ટેકનોલોજીના નિદર્શન કરી એનો પ્રચાર અને પ્રસાર પણ કરવામાં આવે છે.  તદુપરાંત તેઓએ યુનિવર્સિટીનું જૈવિક ખાતરનો ઉપયોગ કરવાની પણ સલાહ આપી. ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ ભીંડાના પાકમાં રોગ જીવાત તથા તેના નિયંત્રણ વિશેની માહિતી આપી. ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ ડાંગરની નવી જાતો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમના અંતે  ખેડુત ભાઇઓ તથા બહેનો ના પ્રશ્નોનુ નીરાકરણ કરવામા આવ્યું.

# <u>કાર્યક્રમની ઝાંખી</u>










